# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: નેહલ ઠક્કર

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૦૭-૦૮-૨૦૨૪ બુધવાર સમય : સાંજે ૬:25 કલાકે

---

## કેન્દ્ર સરકાર-લોન:

કેન્દ્ર સરકાર દ્વારા સંશોધિત વ્યાજ સહાયતા યોજનાને ચાલુ રાખવાના નિર્ણયને ધ્યાનમાં રાખીને ભારતીય રિઝર્વ બેંક - RBIએ , બેંકોને પાક લોન, પશુપાલન, ડેરી, મત્સ્યઉછેર, મધમાખી ઉછેર સહિતની સંબંધિત પ્રવૃત્તિઓ માટે ઓછા વ્યાજ દરે ટૂંકા ગાળાની લોન આપવા જણાવ્યું છે. ખેડૂતોને 7 ટકાના વ્યાજ દરે 3 લાખ રૂપિયાની મર્યાદિત રકમ આપવામાં આવશે.

RBIએ એક જાહેરનામામાં જણાવ્યું છે કે, ધિરાણ આપતી સંસ્થાઓને વર્ષ 2024-25 માટે વ્યાજમાં દોઢ ટકાની છૂટ મળશે. જે ખેડૂતો તેમની લોન સમયસર ચૂકવશે તેમને વ્યાજમાં ત્રણ ટકા વધારાની છૂટ આપવામાં આવશે. RBIએ વધુમાં ઉમેર્યું કે, ટૂંકા ગાળાની લોન લેવા માટે આધાર નંબર લિંક કરવું ફરજિયાત રહેશે.

- (RNU અમદાવાદ)

---

## રાજ્ય – એક પેડ મા કે નામ:

દેશવ્યાપી 'એક પેડ મા કે નામ ' અભિયાન અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધી 7 કરોડ 15 લાખથી વધુ છોડનું વાવેતર થતાં ગુજરાત દેશભરમાં બીજા ક્રમે રહ્યું છે. 37 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અત્યાર સુધીમાં 29 કરોડ 37 લાખથી વધુ છોડના વાવેતરનો નવો વિક્રમ સ્થાપિત થયો છે.

રાજ્યના વન મંત્રી મુળૂભાઈ બેરાએ કહ્યું , ગ્રામ્ય વિસ્તારમાં 57 લાખ 26 હજાર , શહેરી વિસ્તારમાં એક લાખ એમ કુલ 58 લાખ 29 હજાર છોડના વાવેતર સાથે આ અભિયાનમાં સુરત જિલ્લો રાજ્યમાં પહેલા ક્રમાંકે છે.

- (RNU અમદાવાદ)

---

## મુખ્યમંત્રી-હાથશાળ દિવસ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર માં આવેલી નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેકનોલૉજી – NIFT ખાતે રાષ્ટ્રીય હાથસાળ દિવસની ઉજવણી કરવામાં આવી. શ્રી પટેલે

NIFT દ્વારા યોજાયેલ હાથ સાળ પ્રદર્શનને ખૂલ્લું મુક્યું . અહીં રાજ્ય સહિત દેશભરની વિવિધ હસ્તકલા કારીગરોની તેમ જ હાથસાળની વસ્તુઓ પ્રદર્શન માટે મૂકવામાં આવી છે.

મુખ્યમંત્રીએ NIFT પરિસરમાં ફેશન ડિઝાઈન ડિપાર્ટમેન્ટ , ફેશન એન્ડ લાઇફસ્ટાઇલ એસેસરીઝ ડિપાર્ટમેન્ટ અને માસ્ટર ઑફ ડિઝાઇન ડિપાર્ટમેન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.

- (RNU અમદાવાદ)

---------------------------------------------------------------------------

## ભુજોડી-હાથશાળ દિવસ:

રાષ્ટ્રીય હાથશાળ દિવસ નિમિત્તે કચ્છની હસ્તકલા અને કારીગરો સાથે કામ કરતી સંસ્થા `ખમીર'ના ઉપક્રમે ભુજોડી પ્રા. શાળાના સહયોગથી વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. ભુજોડી પ્રા. શાળા ખાતે વણાટકામ સાથે સંકળાયેલા કારીગરો , શિક્ષકો અને વિદ્યાર્થીઓ એ નામાંકિત કારીગરો સાથે સંવાદ સાથે હેન્ડલૂમ ક્ષેત્રમાં આવેલા પરિવર્તનની વાત કરી હતી.

- (સ્થાનિક સ.પ., નેહલ ઠક્કર)

---------------------------------------------------------------------------

## કચ્છ-પશુ ગણતરીમાં આધુનિક પધ્ધતિ:

ભારતમાં દર પાંચ વર્ષે પશુ ગણતરી હાથ ધરવામાં આવે છે, આ વર્ષે સપ્ટેમ્બર માસથી કચ્છ જીલ્લા સહિત દેશભરમાં પશુ ગણતરીનું મહાઅભિયાન શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે આ વખતે પ્રથમ વખત આધુનિક ટેકનોલોજીનો તેમાં ઉપયોગ થશે આ વર્ષે પણ પશુ ગણતરી નો ડેટા ગણતરીદારો એક ખાસ મોબાઈલ એપ્લિકેશન દ્વારા એકત્રિત કરશે.

જિલ્લા નાયબ પશુપાલન નિયામક ડો . રાજેશ પટેલે વિગતો આપતા જણાવ્યું કે કચ્છ જિલ્લાના દસ તાલુકાઓમાં 126 ગણતરીદારો દ્વારા ડોર ટુ ડોર પશુઓની માહિતી એકત્રિત કરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત ગાય , ભેંસ, ઘેટા, બકરા, ઘોડા, ઊંટ, ગધેડા, શ્વાન વગેરે પશુઓને આવરી લેવામાં આવશે . જિલ્લાના 126 ગણતરીદારો એકત્ર કરેલા ડેટા 28 નિયુક્ત સુપરવાઇઝરોને સુપરત કરશે. ગણતરીદારો ખાસ મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી પશુઓની જાતિ, સંખ્યા, નસલ સહિતની માહિતી એકત્રિત કરશે . પાલતુ પશુ ઉપરાંત રખડ તા પશુઓની પણ ગણતરી કરવામાં આવશે.

- (સ્થાનિક સ.પ., નેહલ ઠક્કર)

---------------------------------------------------------------------------

## જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ-લોક અદાલત:

જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા આગામી ૧૪ મી સપ્ટેમ્બર ના લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જે વકીલ તથા પક્ષકારોને જિલ્લા ગ્રાહક કમિશનમાં

લોક અદાલત મારફતે સમાધાન કરવું હોય તેઓ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન ભુજ કચ્છની કચેરીના ફોન નં. (૦૨૮૩૨)૨૯૬૦૭૩ અથવા ઇમેઇલ cdrfbhuj@gmail.com પર સંપર્ક કરવા મદદનીશ નિયામકશ્રી ,જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન ,ભુજની અખબારી યાદીમાં જણાવાયું છે.

- (મા. ખા. ભુજ)

---

## કચ્છ-ખરીફ પાક:

જીલ્લામાં આ વખતે સારા વરસાદના પગલે ખેડૂતોએ વાવેતરમાં ઉત્સાહ દાખવ્યો છે. આગામી દિવસોમાં હજી સારા વરસાદની આશાએ ખેડૂતોએ અત્યાર સુધીમાં ૩ લાખ ૮૮ હજાર હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર કર્યું છે. જેમાં સૌથી વધુ ૭૫ હજાર ૮૬૯ હેકટરમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે. જયારે ૧ હજાર ૬૪૯ હેકટરમાં સૌથી ઓછું અડદ નું વાવેતર કરવામાં આવ્યું છે. આ વખતે સૌથી વધુ વાવેતર અબડાસા તાલુકામાં ૫૯ હજાર ૭૫૪ હેક્ટર વિસ્તરમાં કરાયું છે અને સૌથી ઓછું ગાંધીધામ તાલુકામાં ૨ હજાર હેકટરમાં વાવેતર કરાયું છે.

- (નેહલ ઠકકર)

---

## ઋતુજન્ય રોગોમાં ઉછાળો:

જીલ્લા માં હાલ વિષમ વાતાવરણનો અનુભવ થઈ રહયો છે. સતત રહેતા ધાબડિયા માહોલના કારણે ઋતુજન્ય બીમારીઓમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળી રહયો છે. જીલ્લામાં વાયરલ ફિવરના દૈનિક અંદાજે 1000થી વધુ કેસ નોંધાઈ રહયાના અહેવાલ પ્રાપ્ત થયા છે. આ સમયગાળામાં ખાનપાનમાં કાળજી રખાય અને માખીમચ્છરના ઉપદ્રવને અટકાવવા સ્વચ્છતા બાબતે ધ્યાન કેન્દ્રીત કરાય તો રોગથી બચી શકીએ. તેવામાં બાળકોને વાયરલ ફીવરથી બચાવવા વાલીઓ પુરતી તકેદારી દાખવે તેવો અનુરોધ બાળરોગ નિષ્ણાતો દ્વારા કરવામાં આવ્યો હતો.

- (સ્થાનિક સ.પ., નેહલ ઠક્કર)

---